Extra No. 245

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JULY 7, 2025 / ASHADHA 16, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના તારીખઃ ૬ઠ્ઠી મે, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએમ/૨૦૨૫/૩૩/આરડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૪/૮૯૯૯/એનઃ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Deputy Mamlatdar, Class III, in the Subordinate Revenue Services (Pre-Service Training and Post-Training Examination) Rules, 2015.

તાબાની મહેસૂલ સેવાઓમાં, નાયબ મામલતદાર, વર્ગ ૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા) નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી મે, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીએમ/૨૦૨૫/૩૩/આરડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૪/૮૯૯૯/એન:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, તાબાની મહેસૂલ સેવાઓમાં, નાયબ મામલતદાર, વર્ગ ૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા) નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો તાબાની મહેસૂલ સેવાઓમાં, નાયબ મામલતદાર, વર્ગ ૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા) (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, *રાજપત્ર*માં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. તાબાની મહેસૂલ સેવાઓમાં, નાયબ મામલતદાર, વર્ગ ૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા) નિયમો, ૨૦૧૫માં, નિયમ-૮માં:-

(૧) પેટા-નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૨) કોઇ એક અથવા તેથી વધુ પ્રશ્નપત્રોમાં ૫૦% અથવા તેથી વધુ ગુણ પ્રાપ્ત કરે તેવા અસફળ ઉમેદવારને, ત્યાર પછીની પરીક્ષામાં તે પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત થવામાંથી મુક્તિ આપવામાં આવશે.";

(૨) પેટા-નિયમ (૨) પછી, નીચેનો પેટા-નિયમ ઉમેરવો:-

"(૩) ઉમેદવાર તાલીમાંત પરીક્ષામાં ફક્ત એક પ્રશ્નપત્રમાં લાયકી ધોરણ મેળવી ન શકે તેવા કિસ્સામાં, તેવા ઉમેદવારને તે પ્રશ્નપત્રના કુલ ગુણના ૫% ગુણ સુધી કૃપા ગુણ આપવામાં આવશે અને ત્યાર પછી, તે લાયકી ધોરણ જેટલા અથવા તેથી વધુ ગુણ મેળવે, તો તેને પાસ જાહેર કરવામાં આવશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પૂજા ઉપાધ્યાય,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.12 15:14:01 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar